| | | | |
|---|---|---|---|
| ઓડી લઈ ને જીવતી સરકાર | મધુમખ્ખી ન્યાય | કૌટિલ્ય શાસ્ત્ર | વાહનોની પેસગી માટે અંબાજી ની દાન પેટી માંથી ઉધાર લાવતા ને પગાર કરતા |
| ગૌ માતા પોષણ યોજના | કુબેર ભંડારી | વિકસિત ભારત@૨૦૪૭ માટે વિકસિત ગુજરાત ફાઈવ જી | ગરવું/ગુણવંતુ/ગ્રીન/ગ્લોબલ/ગતિશીલ ગુજરાત |

અષ્ટ સીદ્ધી નવ નિધી કે દાતા, અસબર દીન જાનકી માતા

માનનીય અધ્યક્ષશ્રી,

આજે હું વર્ષ-૨૦૨૪-૨૫ અંદાજપત્રની માંગણીઓના સમર્થનમાં મારી વાત રજૂ કરૂં છું. અમારો નાણા વિભાગ બધાજ વિભાગોને જરૂરીયાત મુજબના નાણાની સમયસર ફાળવણી કરી, આવક અને ખર્ચના હિસાબ ખૂબ જ યોગ્ય રીતે નિભાવી રહેલ છે. આના લીધે જ રાજય સરકારે છેલ્લા કેટલાક સમયથી ઓવરડ્રાફટ લેવાની જરૂર પડી નથી. આ વિભાગ હસ્તક રાજય વેરા કમિશ્નરની કચેરી, હિસાબ અને નિયામકની કચેરી, લોકલ ફંડ, પેન્શનઅને પ્રોવિડન્ટ ફંડની કચેરી જેવી અગત્યની કચેરીઓ દ્વારા કામગીરી કરવામાં આવે છે.

૨૦/૬/૧૯૭૭ માં ગૃહ માં પ્રહલાદ પટેલે પ્રશ્ન પુછાયો કે કેટલા ઓડી લીધા બાબુભાઈ જ પેટેલે જવાબ હતો ૨ વખત

૧૮/3/૧૯૯૧ માં શ્રી દિલીપ સંઘાણી એ પ્રશ્ન પુછાયો કે કેટલી વખત ઓડી લેવાયો

મંત્રી શ્રી છબીલ મહેતા એ મોઢે જવાબ ૪ વખત અને લખી ને આપ્યો ૬ વખત ત્યારે તેમના શક્તિસિંહે કહ્યું કે લેખીત ૬ વખત છે સુધારવો હોય તો સુધારજો

૨૫/૨/૧૯૯૨ માં શ્રી છબીલભાઈ એ કહ્યું કે ઓડી લઈ ને પરત કરવું કંઈ ગંભીર ન કહેવાય

નાણાકીય વ્યવસ્થાપન પર કોઈ નિયંત્રણ કે કાબુ ન હતો અને ગંભીર રીતે નિષ્ફળતા નું ઉદાહરણ કહેવાય

જ્યારે રિફોર્મ લાવી પરફોર્મ કરી ને સુખાકારી માં ટ્રાન્સફોર્મ કરતી સરકાર સામે અત્યારે સરકાર ફિસ્કલ રીસ્પોન્સીબીલીટી અને બજેટ મેનેજમેન્ટ એક્ટ મુજબ સરકાર ૨૭% દેવું વધારી શકે જ્યારે હાલે સરકારે ૧૫.૭૧% વધાર્યું છે

નમો લક્ષ્મી / નમોસરસ્વતી / નમો શ્રી યોજનાઓ થી મહિલા સશ્ક્તિ કરણ ૧૯૯૪ માં ૧૧ વખત ઓડી લેવાયો

હું સૌ પ્રથમ રાજયના સાડાપાંચ લાખ કરતા વધારે પેન્સનરોને નિયમિતપણે પેન્શન ચૂકવતી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક કચેરીની વાત કરૂં તો આ કચેરી કમર્ચારીઓને પેન્શનના લાભો અધિકૃત કરવા, મકાન બાંધકામ પેશગી/વાહન પેશગીના હિસાબો નિભાવવા, જનરલ પ્રોવિડન્ટ ફંડના હિસાબો નિભાવવા તેમજ નવી વર્ધિત પેન્શન યોજનાના હિસાબો નિભાવવાજેવી અગત્યની કામગીરી કરે છે.

## મકાન બાંધકામ પેશગી-વાહન પેશગીના હિસાબો નિભાવવાની કામગીરી

રાજય સરકારના કર્મચારીઓને મકાન બાંધકામ/ખરીદી તથા વાહન ખરીદી માટે પેશગી આપવામાં આવે છે.

રાજય સરકારના કર્મચારીઓને મકાન બાંધકામ/ખરીદી માટે નાણા વિભાગના તા.૧૦.૦૧.૨૦૨૨ના ઠરાવથી કર્મચારીને સાતમા પગારપંચ મુજબના ૩૪ મૂળ પગાર અથવા મકાનનીકિંમત અથવા રૂ.૨૫ લાખ આમ ત્રણ પૈકી જે ઓછી હોય તેટલી મકાન પેશગી આપવામાં આવે છે.

રાજય સરકારના કર્મચારીઓને મોટરકારની ખરીદી માટેનાણા વિભાગના તા.૦૯.૦૩.૨૦૨૦ના ઠરાવથી કર્મચારીને સાતમા પગારપંચ મુજબ રૂ.૫૦૫૦૦/-કે તેથી વધુ મૂળ પગાર હોય તેમને (૧) મોટરકારની કિંમત અથવા (૨) રૂ.૧૦ લાખ પૈકી જે ઓછી હોય તેટલી રકમની મોટરકાર પેશગી આપવામાં આવે છે.

રાજય સરકારના કર્મચારીઓને મોટર સાયકલ/સ્કૂટર/મોપેડની ખરીદી માટેનાણા વિભાગના તા.૦૯.૦૩.૨૦૨૦ના ઠરાવથી કર્મચારીને સાતમા પગારપંચ મુજબ રૂ.૨૨,૪૦૦/-કે તેથી વધુ મૂળ પગાર હોય તેમને (૧)મોટર સાયકલ/સ્કુટર/મોપેડની કિંમત અથવા (૨) રૂ.૭૫ હજાર પૈકી જે ઓછી હોય તેટલી રકમની વાહનપેશગી આપવામાં આવે છે.

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી દ્વારા રાજય સરકારના કર્મચારીઓને આપવામાં આવતી મકાન બાંધકામ/ખરીદી તથા વાહન ખરીદી માટેની પેશગીના  કર્મચારીવાઇઝ તેમની પેશગીના હિસાબો નિભાવવા, કર્મચારીઓને વાર્ષિક સ્લીપો ઇસ્યુ કરવી, પેશગી પુરી થયે ના-લેણાં પ્રમાણપત્ર ઇસ્યુ કરવા જેવી કામગીરીનું ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સીયલ મેનેજમેન્ટ સીસ્ટમ(IFMS)અંતર્ગત કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે. જેના કારણે કામગીરી ખૂબ જ ઝડપી અને પારદર્શક બનેલ છે.

મકાન પેશગી મેળવનાર કર્મચારી ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામે તો તેની બાકી રકમનું ભારણ તેના પરિવાર પર ના આવે તે હેતુથી અવસાનની તારીખે તેની મકાન પેશગીની મુદલ અને વ્યાજની જે કંઇ રકમ બાકી હોય તો તે રકમ સરકારશ્રી દ્વારા માંડવાળ કરવામાં આવે છે. ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ દરમ્યાન જાન્યુઆરી-૨૪ સુધીમાં રૂ.૩૧.૬૧ લાખ માંડવાળ કરવામાં આવેલ છે.

મકાન/વાહન પેશગી ખાતાધારક ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સીયલ મેનેજમેન્ટ સીસ્ટમ(IFMS)મારફત ઓનલાઇન પોતાના ખાતાનું બેલેન્સ,વ્યાજ સમર્થન અને ના-લેણાં પ્રમાણત્ર અંગે મોકલેલ અરજીનું સ્ટેટસ ચેક કરી શકે છે.

નાણાંકીય વર્ષ પુરૂ થતાં વાર્ષિક હિસાબી સ્લીપો ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સીયલ મેનેજમેન્ટ સીસ્ટમ(IFMS)અંતર્ગત ઉપાડ અધિકારી

કક્ષાએ ઓનલાઇન મૂકવામાં આવે છે. જે ઉપાડ અને વહેચણી અધિકારી કર્મચારીને ઇસ્યુ કરી શકે છે.

ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ દરમ્યાન જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં મકાન પેશગીના ૬૪૫ તથા વાહન પેશગીના ૫૬વ્યાજ-સમર્થન આપવામાં આવેલ છે.

ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ દરમ્યાન જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં મકાન પેશગીના ૮૯૮ તથા વાહન પેશગીના ૧૧૪ ના-લેણાં પ્રમાણપત્રો ઇસ્યુ કરવામાં આવેલ છે.

## <u>જનરલ પ્રોવિડન્ટ ફંડના હિસાબો</u>

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામક કચેરી દ્વારા વર્ગ-૪, રોજમદાર તથા વર્કચાર્જના કર્મચારીઓના જનરલ પ્રોવિડન્ટ ફંડના હિસાબો નિભાવવામાં આવે છે.

જનરલ પ્રોવિડન્ટ ફંડના હિસાબો નિભાવવા, આખરી ચૂકવણાના કેસોનો નિકાલ વગેરે કામગીરીઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સીયલ મેનેજમેન્ટ સીસ્ટમ(IFMS)હેઠળ કોમ્પ્યુટરાઇઝેશન કરવામાં આવેલ છે.

નાણાંકીય વર્ષ પુરૂ થતાં ખાતાધારકની જમા રકમ પર સરકારશ્રીના પ્રવતનમાન દરે હાલ ૭.૧% લેખે વાર્ષિક વ્યાજ જમા આપી વાર્ષિક હિસાબી સ્લીપો ઇન્ટીગ્રેટેડ ફાઇનાન્સીયલ મેનેજમેન્ટ સીસ્ટમ(IFMS) હેઠળ ઉપાડ અધિકારી મારફતે ઓનલાઇન ઉપલબ્ધ કરાવવામાં આવે છે.

ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં ૧૬૭૦ જીપીએફના આખરીકરણ ચુકવણાના કેસોનો નિકાલ કરવામાં આવેલ છે.

ચાલુ નોકરીએ અવસાનના કિસ્સામાં જી.પી.એફ ખાતાધારકના વારસદારને ખાતામાં જમા રકમના પ્રમાણમાં મહત્તમ રૂ.૬૦,૦૦૦ની મર્યાદામાં લીંક ઇન્સ્યુરન્સનો લાભ આપવામાં આવે છે. જે અંતર્ગત નિયામક પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી દ્વારા ચાલુ નાણાકીય વર્ષ-૨૦૨૩-૨૪ દરમ્યાન જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં રૂ.૫૮.૩૦ લાખનો લીંક ઇન્સ્યુરન્સનો લાભ આપવામાં આવેલ છે.

## હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.

**માનનીય અધ્યક્ષશ્રી:**

સરકારશ્રીના નાણાં વિભાગ હેઠળ તિજોરીઓ તથા હિસાબી સંવર્ગના સંચાલન માટે મે ૧૯૬૦ થી નિયામક, હિસાબ અને તિજોરીઓનું તંત્ર કાર્યરત કરેલ છે. આ કચેરીના નિયંત્રણ હેઠળ લગભગ ૧૬૩ જેટલી કચેરીઓ કાર્યરત છે. આ કચેરીઓ મારફતે મુખ્યત્વે સરકારી આવકો સ્વીકારવાની તથા પુરતી ચકાસણી બાદ જરૂરી ચુકવણાની કામગીરી કરવામાં આવે છે.

**માનનીય અધ્યક્ષશ્રી:**

રાજય સરકારની તિજોરીઓ, પગાર અને હિસાબ કચેરીઓના સંચાલન, રાજય સરકારના હિસાબોને લગતી બાબતો હિસાબ અને તિજોરી નિયામકની કચેરી દ્વારા હાથ ધરવામા આવે છે.

રાજ્યના-૪૧૯૨ ઉપાડ અને વહેંચણી અધિકારીઓ સરકારી તિજોરી કચેરીઓ/પેટા તિજોરીઓ /પગાર અને હિસાબ કચેરીઓ દ્વારા સરકારી નાણાકીય વ્યવહાર હાથ ધરવામા આવે છે.આ કામગીરી માટે અંદાજે ૧૪૩૦ અધિકારી/કર્મચારીઓ પોતાની ફરજો બજાવી રહ્યા છે.

આ કચેરીમાં જરૂરીયાત જણાતાં ચાલુ વર્ષે ૧૭૭ અધિકારી/કર્મચારીઓને નિમણુંક આપવામાં આવી છે. જુદા જુદા વિભાગની માંગણી ધ્યાને લઈ નિયામક કક્ષાના સંવર્ગથી હિસાબી અધિકારી વર્ગ-૧ કક્ષાના સંવર્ગમાં નવી ૮૫ જગ્યાઓ નવી ઉભી કરવામાં આવેલ છે. જેથી કરીને નાણાંકીય વ્યવસ્થાપનની કાર્યક્ષમતામાં વધારો થશે તથા કામગીરીમાં સરળતા પણ થશે.

અમારી સરકાર દ્વારા આ બજેટમાં રાજ્યના તમામ વિભાગોની કચેરીઓના રીનોવેશન ઉપર પણ ખાસ ભાર મુકવામાં આવેલ છે.તેના ભાગરૂપે આ વિભાગની ક્ષેત્રીય કચેરીઓના રીનોવેશન માટે રૂ. ૧૦.૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. જેના પરીણામે કચેરી વ્યવસ્થાનમાં પણ સુધારો થશે અને કચેરીની મુલાકાત લેતા નાગરીકોની સુવિધામાં પણ વધારો થશે.

**માનનીય અધ્યક્ષશ્રી:**

GST અંતર્ગત રાજ્યની આવકોના કેન્દ્રીયકૃત હિસાબ માટે રાજ્ય સરકાર દ્વારા ઈ-પગાર અને હિસાબની કચેરી(જી.એસ.ટી), ગાંધીનગર ખાતે તા: ૨૧/૦૬/૨૦૧૭ના રોજ કાર્યરત કરવામાં આવી છે.અમારી આ કચેરી દ્વારા ખુબ જ સુવ્યવસ્થિત રીતે GSTના હિસાબો રાખવામાં આવે છે.

આ કચેરી દ્વારા G.S.T.N. અને R.B.I. તરફથી મળતી વિગતોના આધારે હિસાબો લખી અને તેનું મેળવણું કરવામાં આવે છે અને આખરી કરેલ હિસાબો એ.જી.કચેરીને મોકલવામાં આવે છે.

આખરી થયેલ હિસાબોની વિગતો ટેક્ષ ઓથોરીટીને પુરી પાડવામાં આવે છે.

બેંકો દ્વારા સરકારી તિજોરીમાં વિલંબથી નાણા જમા કરાવવા બદલ પેનલ્ટી વ્યાજ વસુલ કરવાની કામગીરી કરવામાં આવે છે.

G.S.T.ની આવકો સંદર્ભમાં G.S.T.N./R.B.I.,A.G. કચેરી/નાણા વિભાગ/એજન્સી બેંક વગેરે સાથે લાયઝન કરવામાં આવે છે.

ઉકત નિયત કામગીરી અન્વયે અત્રેની કચેરી દ્વારા તા.0૧/0૧/૨0૨3 થી તા.3૧/૧૨/૨0૨3 સુધીમાં રૂ.૪૧,0૧0 કરોડના ૪૪,૮૫,3૮૧ વ્યવહારોનું એકાઉન્ટીંગ સફળતાપૂર્વક પુર્ણ કરવામાં આવેલ છે.

જાહેર દેવું કોઇ પણ સરકાર કે સંસ્થા માટે નાણાકીય સંસાધનનું માન્ય અને સ્વીકાર્ય સ્ત્રોત છે. કોઇ પણ સરકાર રાજ્ય અને તેના નાગરિકોના લાભદાયી વિકાસના માટે મૂડી ખર્ચ કરવા માંગતી હોય અને વિકાસની ગતિને વધુ વેગવંતી બનાવવા માંગતી હોય તો સરકારે મહેસૂલી આવક ઉપરાંત દેવાની આવક પણ ઉભી કરવી જરૂરી બને છે. પરંતુ દેવાકીય જવાબદારીઓ મર્યાદિત રહે અને વ્યાજનો ખર્ચ મહેસૂલી આવકના પ્રમાણમાં સીમીત રહે તે માટે ગુજરાત સરકારે સ્વયંશિસ્તના અનેક પગલાઓ લીધેલા છે.

વર્ષ ૨૦૦૫ માં ગુજરાત નાણાકીય જવાબદારી અધિનિયમને રાજય સરકારે અમલમાં મૂકેલ છે. જે અન્વયે રાજયના ઘરગથ્થુ ઉત્પાદનના પ્રમાણમાં જાહેર દેવું ૨૭.૧ % થી નીચે રહેવું જોઇએ. રાજ્યના જાહેર દેવાના પ્રમાણમાં ઉત્તરોત્તર ઘટાડો લાવીને નાણાકીય વર્ષ: ૨૦૨૩-૨૪ ના સુધારેલા અંદાજો મુજબ ૧૫.૩૪% રહેવાનો અંદાજ છે.

વ્યાજનો ખર્ચ મહેસૂલી આવકના પ્રમાણમાં ૨૦% થી અંદર રહેવો જોઇએ તે ૧૩મા નાણા પંચની ભલામણ છે. ગુજરાતમાં વર્ષ ૨૦૦૪-૦૫ માં મહેસૂલી આવકના પ્રમાણમાં વ્યાજનો ખર્ચ ૨૬.૮૨ % હતો તેમાં રાજય સરકાર કુશળ નાણાકીય વ્યવસ્થાપન દ્વારા ઘટાડો લાવી શકેલ છે. હાલ વર્ષ ૨૦૨૩-૨૪ના સુધારેલા અંદાજોમાં આ પ્રમાણ ઘટીને ૧૧.૬૮% થયેલ છે.

આમ, સરકારે નિયત ધારાધોરણ મર્યાદામાં રાજયના વિકાસ માટે જરૂરી ખર્ચ કરવા દેવું લેવું પડે છે જે રાજય સરકારની નાણાકીય વ્યવસ્થાપનની સિધ્ધિ કહેવાય.